ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# દેખાડાની લ્હાયમાં લાડવાના ઢગલાં કરતાં રોજની રોટલી કૂતરાને વધુ મીઠી લાગશે

આજકાલ ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં ઉત્તરાયણ પર્વના પગલે કૂતરાઓ માટે લાડુ બનાવાય છે. ચોકઠે-ચોકઠે અને ગામેગામ સેંકડો કિલોના લાડુ કૂતરાઓ માટે બનાવાય છે, ખૂબ જ આવકારદાયક છે. સેવાકીય અભિગમ અભિનંદનીય છે. અબોલ પશુ-પક્ષીઓ સાથેનો માનવજાતનો સંબંધ સંસ્કારોની સુગંધ આપે

**સમયસર**

છે. પરંતુ અતિરેક પણ નજરઅંદાજ કરી શકાતો નથી. સેવાભાવને સલામ છે. પણ દેખાદેખીમાં અને પ્રસિદ્ધિની લ્હાયમાં બનાવાતા લાડુ ક્યારેક ખૂંચે છે, ક્યારેક ખટકે છે. આપણી સંસ્કૃતિમાં તો પહેલી બે રોટલી કે રોટલાં ગાય-કૂતરાને માટે અલગ રખાય જ છે. જો આ પરંપરા જાળવવા આપણે પ્રતિબદ્ધ રહીએ, તો આ અતિરેક કનડે નહીં. એક અઠવાડિયામાં સેંકડો કિલો લાડુ ખવડાવવા કરતાં ૩૬૫ દિવસ રોટલી કે રોટલા ખવડાવીએ તો પુણ્યના ચોપડામાં નામ લખાવાની પડાપડીમાં પ્રથમ હરોળમાં નામ આવે તેમ કહી શકાય.

ખેર, છેલ્લા કેટલાક વખતથી મીડિયાના પ્રભાવ તળે જીવાતા સમાજ જીવનમાં દેખા-દેખીની બોલબાલા વધતી જાય છે. સેવામાં સ્પર્ધા હોઈ શકે જ નહિ. અને સેવાનો પ્રચાર પણ ન હોય, સેવાની સુગંધ જ હોય. કદાચ બદલાતી સામાજિક તાસીરમાં આપણે ભૂલા પડતા હોઈએ એમ દેખાય છે. ઘરમાં સાસુ-સસરાને ગરમ જમવાનું પીરસવામાં મોં મચકોડતી પુત્રવધુઓ કૂતરા માટેના લાડુ બનાવવામાં અગ્રેસર બની તસવીરો છપાવે ત્યારે સામાજિક ચિંતા વધતી જાય છે. શિક્ષિત અને વિભક્ત કુટુંબોમાં મા-બાપ કે સાસુ-સસરાની કાળજી લેવામાં ઉણા ઉતરતા દિકરા-દિકરીઓ શહેરના માર્ગો ઉપર ડોગીને લઈને ઈવનીંગ કે મોર્નીંગ વોક કરવા નીકળે છે. ત્યારે સર્જાતી દાંભિકતા સમાજજીવનના પાયાને હચમચાવે છે. આપણે પોપટ પાળીએ, ડોગી પાળીએ, બિલાડી પાળીએ, ગાય પાળીએ કે ભેંસ રાખીએ - આ બધુ જ આવકારદાયક છે. પણ, મા-બાપને સન્માનપૂર્વક ડ્રોઈંગરૂમમાં બેસાડીએ ત્યારે આપણી પિતૃભક્તિ કે માતૃભક્તિ આ બધી સેવા કરતાં સો ગણી શ્રેષ્ઠ છે.

ઉત્તરાયણનું પર્વ પુણ્ય-દાન કમાવાનું પાવન પર્વ છે. ગાયને લીલુ ઘાસ નિરણ કરવા લાઈનો લાગશે. વચેટિયાઓ ગાયોને નામે ફંડફાળો પણ ઉઘરાવી લેશે. પુણ્ય કમાવાની તક આપવા માટે બિલાડીની ટોપની જેમ સેવા-સંસ્થાઓ પણ ફૂટી નીકળશે. પણ સાચા-ખોટાની પરખ કર્યા સિવાય લાગણીમાં ખેંચાવ એ સત્યને નજરઅંદાજ કરવા જેટલું જવાબદાર છે. ગાયને આપણે માતા તરીકે સ્વીકારીએ છીએ. એની દૈનિક દેખભાળની

● અનુસંધાન પાન-૭ પર





પતંગ બજાર - ઉત્તરાયણના કાઉન્ટ-ડાઉનના પગલે શહેરના યુવાનો પતંગ બજારમાં ખરીદી માટે શુક્રવારે સાંજે ઉમટ્યા હતા... યુવાનોનો પ્રિય તહેવાર ઉત્તરાયણ એટલે ઉલ્લાસનું પર્વ, ઉમંગનું પર્વ... પતંગ અને દોરીની ખરીદી માટે આજે સાંજથી યુવાનોની ચહલ-પહલ વધી હતી... જોકે આવતીકાલે બજાર છલકાઈ જશે...

# વિધાનસભાનું બે દિવસનું સત્ર સ્વર્ણિમ સંકુલમાં મળશે

## આગામી ૨૩મી જાન્યુઆરીના રોજ પ્રોટેમ સ્પીકરની નિમણૂંક કરાશે : સ્વર્ણિમ સંકુલ વિધાનસભાના સત્રો મળ્યા હોય તેની યાદીમાં ચતુર્થ સ્થાન પાટનગરનું બનશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં નવી રચાયેલ ૧૪મી વિધાનસભાનું પ્રથમ સત્ર હવે સ્વર્ણિમ સંકુલ-૧માં યોજાશે. આગામી તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ આ બે દિવસીય સત્ર મળશે.

રાજ્ય વિધાનસભાની બેઠક માટે સ્વર્ણિમ સંકુલ એ પાટનગરમાં ચતુર્થ સ્થાન બનશે. સૌ પ્રથમ વિધાનસભા ગૃહ હાલની મધ્યસ્થ ગ્રંથાલય ખાતે બેસતુ હતુ. આ પછી વિધાનસભાનું અલાયદું સંકુલ સરદાર પટેલ ભવનની વચ્ચે બનાવવામાં આવતાં ત્યાં તેનું સ્થળાંતર થયુ હતુ.

આ પછી વિધાનસભાનું રિનોવેશન હાથ ધરતાં ૨૦૧૭માં વિધાનસભાનું સત્ર મહાત્મા મંદિર ખાતે મળતાં તે ત્રીજુ સ્થાન થયુ હતું.

હવે નવી રચાયેલ ૧૪મી વિધાનસભાનુંપ્રથમ સત્ર ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ સ્વર્ણિમ સંકુલ ખાતે બનશે. જે ગાંધીનગરમાં જ સત્ર મળ્યુ હોય તેવુ ચોથુ સ્થાન બનશે.

૨૩મીએ પ્રોટોમ સ્પીકરની શપથવિધિ બાદ સ્વર્ણિમ સંકુલ ખાતે જ પ્રોટોમ સ્પીકર સભ્યોને સોગંધ લેવડાવશે. ૨૪મી જાન્યુઆરીએ રાજ્યનો વિધાનસભાના નવા અધ્યક્ષની વરણી કરવામાં આવશે. આ માટે ૨૩મીએ બપોર સુધીમાં દરખાસ્તો વિધાનસભાના સચિવ સમક્ષ રજુ કરી દેવાની રહેશે.

વૈધાનિક અને સંસદિય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, બંધારણના અનુચ્છેદ ૧૮૮ની જોગવાઈ અનુસાર પ્રોટેમ સ્પીકર તરીકે નિમાનાર સભ્યનો શપથ ગ્રહણ વિધિ સમારોહ આગામી તા. ૨૩/૦૧/૨૦૧૮ના રોજ મંગળવારે સવારે ૧૦:૦૦ કલાકે, રાજભવન ખાતે રાજ્યપાલશ્રી સમક્ષ યોજાશે.

બંધારણના અનુચ્છેદ ૧૮૮ની જોગવાઈને ધ્યાને લઈને ૧૪મી ગુજરાત વિધાનસભાના ચૂંટાયેલા ધારાસભ્યોશ્રીઓનો સોગંદવિધિ સમારોહ પ્રોટેમ સ્પીકર સમક્ષ આજ દિવસે બપોરે ૧૨:૦૦ કલાકે સાબરમતી હોલ, સ્વર્ણિમ સંકુલ- ૧, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે યોજાશે તેમ તેમણે ઉમેર્યું હતું. વિધાનસભાનું પ્રથમ સત્ર ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં કેબીનેટ દ્વારા નક્કી કરાયા મુજબ રખાશે. માન. અધ્યક્ષની ચૂંટણી તેમજ રાજ્યપાલશ્રીના સંબોધન બાદ વિધાનસભા બજેટ સત્રનો ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં પ્રારંભ થશે જે ૩૧ માર્ચ-૨૦૧૮ સુધીમાં પૂર્ણ થશે તેમ પણ મંત્રીશ્રી જાડેજાએ જણાવ્યું હતું.

# શહેરમાં વાલીઓના શાળા બંધને નબળો પ્રતિસાદ

## કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી

ગાંધીનગર તા ૧૨

તોતિંગ ફી વસુલતી સ્વનિર્ભર શાળાઓના સંચાલકોની આ નિતીને ડામવા માટે ગુજરાત પેરેન્ટસ એસોસિએશન દ્વારા આજે રાજયમાં શાળા બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. ગાંધીનગરમાં આ બંધના એલાનને મોળો પ્રતિસાદ સાંપડયો છે. મોટાભાગની શાળાઓ રૂટીન મુજબ ધમધમતી જોવા મળી હતી. અલબત્ત ગણ્યાં ગાંઠ્યા વાલીઓ સિવાય મોટાભાગના પેરેન્ટસે વિદ્યાર્થીઓને શાળાએ મોકલ્યા હતા. જો કે કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી વર્તાઇ હતી. જિલ્લાની શાળાઓમાં વાલીમંડળનો અભાવ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ફી વધારાના મામલે પણ શાળાઓમાં અપાયેલા બંધના એલાનની પણ કોઈ વિશેષ અસર વર્તાઇ નથી.

રાજયની સ્વનિર્ભર શાળાઓમાં બેફામ ફી વસુલવામાં આવતી હોવાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. જયારે આ મામલે ફી નિર્ધારણ કમિટીની રચના બાદ પણ ફી માં ઘટાડો થયો ન હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. ફી વધારાને ડામવા માટે સતત લડત ચાલુ છે. જયારે ફી ઘટાડાને સહજતાથી સ્વીકરાવામાં પણ શાળા સંચાલકો અને વાલીઓ વચ્ચે ઘર્ષણ થતુ હોવાનુ ધ્યાને આવી રહયુ છે. ત્યારે આજે ગુજરાત પેરેન્ટસ એસોસિએશને આજે રાજયની શાળાઓ બંધ રાખવા માટે એલાન આપ્યુ હતુ. ગાંધીનગર જિલ્લામાં પણ આ બંધની અસર મોળી વર્તાઇ હતી. શહેરની મોટાભાગની શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર



**અડાલજની વાવની મુલાકાત લેતાં કેનેડાના હાઇ કમિશનર નાદીર પટેલ**

દિલ્હી સ્થિત કેનેડાના હાઈ કમિશનર શ્રી નાદીર પટેલે ગાંધીનગર પાસે આવેલી અડાલજની વાવની મુલાકાત લીધી હતી. પૌરાણિક અડાલજની વાવની ઐતિહાસિક માહિતી મેળવી હતી. તેમજ વાવની અદ્‌ભૂત સ્થાપત્ય અને શિલ્પકલા નિહાળીને અભિભૂત થઇ ગયા હતા. ગુજરાતી મૂળ અને ભરૂચ જિલ્લાના વતની એવા કેનેડાના હાઈ કમિશનર શ્રી નાદીર પટેલે ઐતિહાસિક વાવ નિહાળીને ગુજરાતી ભાષામાં વાત ચીત કરી જણાવ્યું હતું કે, અડાલજની આ ઐતિહાસિક વાવની મુલાકાતે હું મારા કુટુંબીજનો સાથે ચોક્કસ આવીશ. જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈએ કેનેડીયન ડેલીગેશનનું સ્વાગત કર્યું હતું. અડાલજ ગામની બાળઓએ કુમકુમ તિલકથી ઢોલ નગારા સાથે ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ સ્વાગત કર્યું હતું.

## ઈ- મેમોમાંથી ગાંધીનગરને મુક્તિ

ગાંધીનગર, તા.૧૨

ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે રાજ્યના ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત મહાનગરો તથા મોરબી અને ભાવનગર સહિત અન્ય શહેરોમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરનારને ઈ-ચલન મારફત ઈ-મેમો આપવામાંથી મુક્તિ આપવાનો જનહિત લક્ષી નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યુ કે રાજ્યના આ મહાનગરો/ શહેરોમાં સી.સી.ટી.વી.ના ફુટેજના આધારે ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર નાગરિકોને ઓટોમેટીક/મેન્યુઅલ ઈ-ચલન જનરેટ કરીને ટ્રાફિકનો ભંગ કરનાર નાગરિકના ઘરે તેમના સરનામે મેમો મોકલી આપવામાં આવે છે. પરંતુ આ કેટલીક ટેક્નિકલ ક્ષતિના કારણે કેટલાક કિસ્સામાં આવા ખોટા ઈ-મેમો નાગરિકોને મોકલવામાં આવી રહ્યા છે. એવી રજૂઆત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને મળતા રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ૧૨૦૪ વિદ્યાર્થીઓને ૧.૩૧ કરોડની સ્કોલરશીપ

## સંસ્થાના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની છઠ્ઠી પુણ્યતિથી નિમિત્તે વિદ્યાર્થીઓને માણેકલાલ એમ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરાઇ





ગાંધીનગર તા ૧૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આજે સંસ્થાના પુર્વ ચેરમેન માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે સંસ્થાના વિદ્યાર્થીઓને માણેકલાલ એમ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. સે-૧૫ સ્થિત એલ ડી આર પી કેમ્પસ ખાતે યોજાયેલા સમારંભ દરમિયાન ૧૨૦૪ વિદ્યાર્થીઓને કુલ ૧.૩૧ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલે આ પ્રસંગે જણાંવ્યુ હતુ કે ગુજરાતની એકમાત્ર યુનિવર્સિટી વિદ્યાર્થીઓને તેમના અભ્યાસને કેન્દ્રમાં રાખી સ્કોલરશીપ એનાયત કરે છે. તેમણે આ તબક્કે છગનભાને યાદ કરતા જણાંવ્યુ હતુ કે સમાજને કેળવણી આપવાનુ કપરુ કામ તેમણે વર્ષ ૧૯૧૯ના સમયમાં હાથમાં લીધુ હતુ. આજે આ વિચારને સાર્થક કરવાનો પ્રયાસ સંસ્થા કરી રહી છે. તેમણે સંસ્થાના પુ છગનભા , દાસકાકા અને માણેકલાલ એમ પટેલે જે જવાબદારી અદા કરી તેને યાદ કરી હતી. સંસ્થાની ૯૮ વર્ષની કામગીરીને બિરદાવી ગાંધીનગરની કેટલીક સરકારી શાળાઓની જવાબદારી પણ કેળવણી મંડળને સોંપવામાં આવી હોવાનો ઉલ્લેખ કરી સંસ્થા ગર્વની લાગણી અનુભવે છે તેમ પણ જણાંવ્યુ હતુ. તેમણે માણેકલાલ એમ પટેલ મેમોરીયલ સ્કોલરશીપ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

# ઉત્તરાયણે પવન સારો રહેશે

## રાજકીય ક્ષેત્રે ઉથલપાથલના સંજોગો : ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ઉત્તરાયણે પવનની ગતિ સારી રહેશે. જો કે આ સમય રાજકીય રીતે સારો નથી.

સામાન્ય રીતે ઋતુનો આધાર સાયન રાશી ઉપર રહેતો હોય છે. સાયન મકર અને સાયન કર્ક સંક્રાંતિના દિવસે સૂર્ય ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં ક્રમશ: રહેતો હોય છે. આથી ખરૂ ઉત્તરાયણ તા. ૨૧-૧૨-૧૦૧૭નું હતુ. ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ થતુ નથી. પણ આપણા પંચાંગોની ગણતરી અને આપણા તહેવારો નિશ્ચીત ગણતરીને આધારે થતા હોય. તા. ૧૪મી જાન્યુઆરીએ સૂર્ય મકર રાશીમાં આવે છે. આથી આ નિરયણ મકર સંક્રાંતિનું પર્વ ગણાય છે. મકર અને કર્ક સંક્રાંતિ સાયન ગણનાથી અયન સંક્રાંતિ છે. આ ખાસ કરીને હિન્દુ સંસ્કૃતિમાં ઉત્તરાયણ કાળને વધુ પવિત્ર માનેલ છે અને સંક્રાંતિ કાળનું મહત્વ બજારની રૂખ અને મેદનીય ભવિય કથનમાં મહત્વ છે. સંક્રાંતિના ચક્ર અંગે જોઈએ તો અધિકતમ થોડીક મીનીટના ફરક સાથે સંક્રાંતિમાં છ કલાક નવ મીનીટ ઉમેરતાં તે પછીની સંક્રાંતિ આવશે. જેમકે ૨૦૧૮ની સાલમાં સૂર્યની

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com